## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




આ મીટીંગનો એજન્ડા એ છે કે... લોકોએ કઠોળ અનાજનાં બમ્પર ભાવ વધારાને સ્વિકારી લીધો... પરંતુ આ ટમેટા માટે કેમ કકળાટ કરે છે...!!



શ્રી વરિયા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટ - ગાંધીનગર દ્વારા વિદ્યાર્થી સન્માન તથા ઈનામ વિતરણ સમારોહ કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ અવસરે મેયર એ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન લાવી અને સારી કારકિર્દીનું નિર્માણ કરવા સૌને આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, કાઉન્સિલર તેમજ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચંદ્રાલા પાસે કાર ચાલકે ટક્કર મારતા બાઈક ચાલક યુવકનું મૃત્યું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના ચંદ્રાલા પાસે હાઈ વે માર્ગ પર કારના ચલાકે પોતાની કાર પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટકકર મારી નાસી ગયો હતો. આ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને તેના પિતરાઈભાઈ પીકઅપ ડાલામાં ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ આવ્યા હતા. જો કે ફરજ પરના ડોકટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજના વડવાસા ગામના નિલેશ કાંતિભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ ગતરોજ સવારના સાડા સાત વાગ્યાના અરસામાં નિલેશ ઘરે હાજર હતો. તે સમયે તેનો કૌંટુબીકભાઈ નિરવ મહેશ પટેલ (રહે વડવાસા) પોતાનું બાઈક લઈને ગાંધીનગર નોકરી જવા માટે નીકળ્યો હતો. હિંમતનગર થી ચિલોડા માર્ગ પર સવારના સમયે પાલવ હોટલ નજીક પહોંચતા નિરવના બાઈકને કાર ચાલકે ટકકર મારી નાસી ગયો હતો. જેની જાણ થતા નિલેશ અકસ્માત સ્થળે આવી પહોંચ્યો હતો. જયાં નિરવ ગંભીર હાલતમાં રોડ પર પડ્યો હતો અને નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થયા હતા. જયારે રોડ પર એક નંબર પ્લેટ પણ પડી હતી.ગંભીર રીતે ઘાયલ નિરવને જીપડાલામાં સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. જયાં ફરજ પરના ડોકટરે તપાસ કરીને તેને મૃત જાહેર કર્યો હતો.બનાવ અંગે ચિલોડા પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઉઘરાણીના રૂ.૧૫ હજાર લેવા ગયેલ વેપારી મહિલાની માયાજાળમાં ફસાયો

**ચાર શખ્સોએ પોલીસની ખોટી ઓળખ તેમજ વેપારીને વિવિધ કેસમાં ફસાવવાની ધમકી આપી રૂ.૪.૮૦ લાખ પડાવ્યા, મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધાયો**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના વાવોલ ખાતે એક સોસાયટીમાં રહેતા કરીયાણાના વેપારીને સોસાયટીમાં રહેતી મહિલાને ઉધાર આપેલી ચીજવસ્તુઓના રૂ.૧૫ હજાર લેવાના હતા. ત્યારબાદ મહિલા ઘર બદલીને અન્ય જગ્યાએ રહેવા માટે જતી રહી હતી. પરંતુ કરીયાણાના બાકી રૂ.૧૫ હજાર આપવા માટે રાત્રે આઠ વાગે વેપારીને ફોન કરીને મહિલાએ બોલાવ્યો હતો. ત્રણ વર્ષ બાદ ઉઘરાણીના રૂપીયા આવતા વેપારી હરખાતા હતા. પરંતુ મહિલાના ઘરે પહોંચતા જ વેપારી માયાજાળમાં ફસાતા પરસેવો છુટી ગયો હતો. મહિલા અને તેની ગેંગના સભ્યોએ વેપારીને વિવિધ ધમકીઓ આપી રૂ.૪.૮૦ લાખ પડાવ્યા હતા. ત્યારે ટોળકીનો ભોગ બનેલા વેપારીએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના વાવોલની એક સોસાયટીમાં રહેતા વેપારી સોસાયટીના શોંપીગમાં પાર્લરની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ત્યારે વેપારીની સોસાયટીમાં જ રહેતી મહિલાએ વેપારી પાસેથી કરીયાણા તેમજ અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરી હતી. સોસાયટીમાં રહેતા હોવાથી મહિલાને ઉધારીમાં સામાન આપ્યો હતો. મહિલાએ ધીમધીમે ખરીદી કરી ૧૫ હજાર થી વધુની ખરીદી કરી હતી. ત્યારબાદ વાવોલ થી સેકટર-૧ ખાતે મહિલા ભાડે રહેવા માટે આવી ગઈ હતી. જેથી વેપારી રૂ.૧૫ હજારની ઉઘરાણી મહિલા પાસે કરતા હતા. જેથી મહિલાએ વેપારીને ફોન કરીને રાત્રે આઠ વાગે પૈસા લઈ જવા માટે જણાવ્યું હતું. જેથી વેપારી ગત તા.૧૨ જુલાઈના રોજ રાત્રીના આઠ વાગે ઉઘરાણીના રૂપીયા લેવા માટે ગયો હતો. મહિલા અને વેપારી વચ્ચે

ઉઘરાણીના પૈસા અંગે વાતચીત કરી રહ્યા હતા. તે સમયે મહિલાએ કોઈને ફોન કર્યો હતો. જેથી ગણતરીના સમયમાં ચાર શખ્સો ઘરમાં ધસી આવ્યા હતા અને પોલીસ તરીકેની ઓળખ આપી મહિલા પર બળાત્કાર કર્યો હોવાની કડકાઈથી વાત કરવા લાગ્યા હતા. ફરીયાદ થશે તો સમાચાર પત્રોમાં આવશે તેવી ધમકીઓ આપી હતી. જેથી વેપારી ગભરાઈ ગયો હતો. ત્યારપછી શખ્સોએ રૂ.૨૦ લાખ આપો તો વચ્ચેનો રસ્તો કાઢીએ. જેથી વેપારીએ હું નાનો માણસ છું આટલા રૂપીયા ન આપી શકુ. જેથી તમામે વિવિધ ધમકીઓ આપી અંતે રૂ.૬ લાખ આપવા જણાવ્યું હતું.જેથી વેપારી આબરૂ બચાવવા રૂપીયા આપવા તૈયાર થઈ ગયો હતો. ત્યારબાદ સેકટર-૨૪ ખાતે રહેતા મિત્ર પાસેથી વેપારીએ ઓનલાઈન રૂ.૧લાખ મંગાવ્યા હતા અને તે શખ્સોએ જણાવ્યા મુજબના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. જો બાકીના રૂ.૫ લાખ આવતીકાલે નહી આપો તો બળાત્કારની ફરીયાદ આપીશ તેમ કહી ઘરે જવા કહ્યું હતું. બીજા દિવસે વોટ્સએપ મેસેજ તેમજ કોલ કરી અડાલજ પાસે એક હોટલમાં બોલાવ્યો હતો.જેથી વેપારી મોપેડ લઈ અડાલજ પહોંચીને રાહ જોઈ રહ્યો હતો. તે અરસામાં ફોન આવ્યો હતો અને ગોતા બ્રીજ નીચે બોલાવ્યો હતો. તેથી વેપારી ગોતા બ્રીજ નીચે ગયો હતો, ત્યારે પોણા છ વાગે એક ગાડી લઈ બે શખ્સો આવ્યા હતા. જે અગાઉની રાત્રીએ પોલીસ તરીકેની ઓળખ આપનાર પૈકી બે શખ્સો હતા. તેઓએ વેપારીને ગાડીમાં બેસી જવા માટે કહ્યું હતું. પરંતુ વેપારીએ ગાડીમાં બેસવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ તેઓએ રૂ.૫ લાખની માંગ કરી હતી. જેથી વેપારીએ રૂ.૩.૮૦ લાખ આપી રૂ.૧.૨૦ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરવાની વાત કરી હતી. જયારે રૂ.૩.૮૦ લાખ લઈ તેઓ જતા રહ્યા હતા. જેથી વેપારીને શંકા પડી ગઈ હતી કે ચારેય શખ્સો પોલીસ નથી. ત્યારબાદ હેમા પુરોહિત પાસેથી વેપારીને જાણવા મળ્યું કે નકલી પોલીસની ઓળખ આપી તોડ કરનાર ધવલ પ્રજાપતિ, ઉદય ઓઝા, દેવેન કારીયા, તેમજ મીત પ્રજાપતિ હતા. જયારે ગોતા બ્રીજ નીચે દેવેન અને મીત પ્રજાપતિ પૈસા લેવા માટે આવ્યા હતા. ત્યારબાદ વેપારીએ સેકટર-૭ પોલીસ મથકે મહિલા સહિત પાંચ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં રાત્રિના ભારે વરસાદ પછી આજે દિવસે સૂર્યનારાયણ અને વાદળછાયા વાતાવરણની દોડ વચ્ચે અસહ્ય ઉકળાટ અનુભવ્યો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં વીજ માંગમાં વધારો થવા પામ્યો.
- ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતિ સુનિતા અગ્રવાલનો શપથ સમારોહ યોજાયો હતો.
- મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં શિષ્યવૃત્તિ અર્પણ સમારોહ કાર્યક્રમ યોજાયો.
- યુ.એસ.એ.માં સરઢવના વતનીઓનો સ્નેહમિલન સમારોહ ૨૨ અને ૨૩ જુલાઈના રોજ યોજાયો હતો.
- સરસ્વતી વિદ્યાલય સે. ૬ માં વિજ્ઞાનના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ.
- આદર્શ નિવાસી શાળા સે. ૮ ખાતે યોગનો કાર્યક્રમ યોજાયો હતો.
- સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં મેલેરિયા ટેસ્ટ કેમ્પનું આયોજન કરાયુ હતુ.
- સે. ૨૧ ખાતે આવેલ ગોવર્ધનનાથજીની હવેલીમાં શ્રાવણ માસ નિમિત્તે મયુર કુટીર દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- સે. ૭ ના બગીચામાં સંસ્કાર ગૃપ દ્વારા વાર્તાના કાર્યક્રમ અંતર્ગત પુરૂષોત્તમ માસનું મહત્વ અને તેની વાર્તા કરાઈ હતી.
- ત્રિદલ સંસ્થા દ્વારા આજે ઉમાશંકર જોષીની સામાજિક નિસ્બત વિશે ભાનુપ્રસાદ પુરાણીના વ્યાખ્યાનનું આયોજન કરાયુ હતુ.
- ભારત વિકાસ પરિષદ કલોલ દ્વારા મસ્તીકી પાઠશાલા ફિલ્મ શૉ નું આયોજન કરાયુ હતુ.
- સે. ૭-એ વસાહત મંડળ દ્વારા વૃક્ષારોપણ કરાયુ.
- સમર્પણ મુકબધિર શાળાના બાળકોએ હોટલની મુલાકાત લીધી હતી.
- કલોલ ન.પા. દ્વારા સફાઈની કામગીરી યોગ્ય રીતે ન થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં વરસાદી પાણી ભરાઈ રહેતા મચ્છરોની ઉત્પત્તિ વધવાનો ભય ઉભો થયો છે.
- ગાંધીનગર શહેરમાં જાહેરમાં મુકાયેલ કચરાપેટીઓની નિયમિત સફાઈની માંગ ઉઠી છે.
- એક્ઝીબીશન સેન્ટર નજીકના સેકટરના રોડ પર ગટરલાઈનની સફાઈની કામગીરી હાથ ધરાતાં ગંદકીનું સામ્રાજ્ય જામ્યુ હતુ.

## ખ-૨ પાસે એક કાર ચાલકે ત્રણ કારને ટક્કર મારી



શહેરના ખ-૨ પાસે આજે બપોરના સમયે અચાનક વેગન-આર કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ત્રણ કાર સાથે ટકરાઈ હતી. જેમાં અલ્ટો, આઈટેન અને અન્ય કારને નુકશાન થવા પામ્યું હતું. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

## અડાલજ ખાતે ચા લેવા માટે ગયેલ કિશોર ગુમ : અપહરણની ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક અડાલજ બાલાપીર સર્કલ વિસ્તારમાં રહેતો ૧૨ વર્ષિય સગીર ઘરેથી ચા લેવા માટેનું કહીને ક્યાંક ચાલી નીકળ્યો હતો. જે આજદીન સુધી પરત ન ફરતાતેની દાદની ફરીયાદને પગલે અડાલજ પોલીસે અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અડાલજ બાલાપીર સર્કલ નજીક માણેક બા સ્કુલની દિવાલને અડીને છાપરામાં રહેતા ૫૫ કમલાદેવી છુટક મજુરી કરી ગુજરાન ચલાવે છે. ગતતા.૧૫ જુલાઈના રોજ તેમના મોટા દિકરાનો ૧૨ વર્ષિય દિકરાને વતન રાજસ્થાનથીતેમની દિકરી લઈને આવી હતી. ગઈકાલ સાંજના સમયે દાદી તેમજ પૌત્ર સહિતના ઘરના સભ્યો હાજર હતા. ત્યારે સાંજના સમયે દાદી તેમજ પૌત્રએ ચા પીવાની ઈચ્છા દર્શાવી હતી. જેથી દાદીએ તેને રૂ.૨૦ આપીને છાપરાની સામે આવેલી ચાની કીટલી પર ચા લેવા માટે મોકલ્યો હતો.

પરંતુ અડધો કલાક થઈ ગયો હોવા છતા પૌત્ર ચા લઈને પરત ફર્યો ન હતો. જેથી દાદી કીટલી પર પૌત્રની પુછપરછ કરવા માટે ગયા હતા.ત્યારે જાણ થઈ કે પૌત્ર રૂ.૨૦ લઈને ચા લેવા માટે નીકળ્યો હતો પરંતુ ચા ની કીટલી પર પહોંચ્યો નથી. જેથી તેઓએ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. વતનમાં પણ દીકરાની પુછપરછ કરી હતી. પરંતુ સગીર ત્યાં પણ પહોંચ્યો ન હતો. જેથી અડાલજ પોલીસ મથકે દાદીએ પૌત્ર ગુમ થયાની ફરીયાદ આપતા પોલીસે સગરીના અપહરણનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સેકટર-૧માં નિવૃત મહિલા આરોગ્ય અધિકારીના ઘરમાંથી રૂ.૭૯ હજારની ચોરી

ગાંધીનગર, તા.૨૩

શહેરના વીવીઆઈપી સેકટર-૧ માં બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક તોડી ઘરમાં પ્રવેશી લોખંડના કબાટનું તાળુ તોડી અંદરથી ચાંદીની મૂર્તિઓ, ચાંદીના થાળી, ગ્લાસ, વાટકા, સિક્કા, રીયલ મોતીની બુટ્ટી, વીંટી સહિત પાંચ હજાર રોકડ મળી કુલ રૂ.૭૯ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા છે. વીઆઈપી સેકટરમાં ચોરી થતા સ્થાનિક નાગરીકોમાં પણ ભય ફેલાયો છે. ત્યારે બનાવ અંગે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૧ સી પ્લોટ નં.૨૪૯-૨ ખાતે નિવૃતિ કંદન રજનીકાંત માંકડ પોતાના પરિવાર સાથે રહે છે.જયારે તેઓ તાજેતરમાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાંથી આરોગ્ય અધિકારી તરીકે નિવૃત થયા છે. તેમના પરીવારમાં હાલ તેમના પતિ, પુત્ર અને પુત્રવધુ છે. ગઈ તા.૧૨ જુલાઈના રોજ સવારે ઘરને બંધ કરી તેઓ દિકરા અને વહુ સાથે પિયર રાજકોટ ગયા હતા. રાજકોટ ખાતે દિકરાની નેઈન રીમુવરની સર્જરી કરાવી હોવાથી ચાલવામાં તકલીફ પડતા રાજકોટ રોકાયા હતા.

દિકરાની સારવાર પુરી થતા ગાંધીનગર ઘરે આવ્યા હતા. ઘરે આવીને જોયુ તો મુખ્ય દરવાજો ખુલ્લો હતો અને ઈન્ટર લોક તુટેલુ હતું. જેથી ઘરમાં પ્રવેશ કરી જોતા ઘરના ઉપરના માળે જવાની સીડીની બાજુમાં મુકેલ લોખંડનુ કબાટ ખુલ્લુ હતું.જયારે કબાટમાં રહેલો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. જયારે તિજોરીમાં મુકેલા સામાનમાં બે નંગ ગણપતિ ભગવાનની ચાંદીની મૂર્તિ, એક લક્ષ્મીજીની ચાંદીની મૂર્તિ, ચાંદીની પુજાની થાળી, ચાંદીના ૬ નંગ ગ્લાસ, ચાંદીના છ નંગ વાટકા, ચાર નંગ લક્ષ્મીજી અને ગણપતજીની છાપવાળા ચાંદીના સિક્કા, રીયલ મોતીની બુટ્ટી અને કડા સાથેનો સેટ, કેનોન કંપનીનો ડીજીટલ કેમેરો, ડાયમંડની બે નંગ બુટ્ટી, કડુ અને વીંટી તેમજ રોકડા રૂ.૫ હજાર મળી કુલ રૂ.૭૯ હજાર મત્તાની ચોરી થવા પામી છે. ફરીયાદી પરિવાર સાથે રાજકોટ ખાતે દિકરાની સારવાર માટે ગયા હતા. તે સમયે ઘર બંધ હોવાથી તસ્કરોએ ઘરને નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો હતો. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.



ચિલોડા પંથકમાં અવિરત પણે વરસાદ વરસતા ખેતરો પાણીથી રસતરબોળ બન્યા



ગુજરાતમાં ભલે દારૂબંધી હોય પરંતુ એ હકીકતથી હવે તો સૌ વાકેફ થઈ ગયા છે કે ગુજરાતમાં જોઈએ એટલો દારૂ માંગો ત્યારે મળી રહે છે. દેશી દારૂ તો શહેરની આસપાસ જ બનતો રહે છે. ધોળે દહાડે દારૂ પીને રસ્તા પર ભાન ભુલીને પડી રહેલો આ દારૂડીયો કાયદાની એૈસી તૈસી કરી રહ્યો છે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.




શીહોલી મોટી ગ્રામપંચાયત ખાતે ગામની ૨૦ વિધવા બહેનોને તેમના આધાર કાર્ડ અને મોબાઈલ નંબર લિંક કરવાનો નિશુલ્ક કેમ્પ નું આયોજન ગામના સરપંચ પરબત સિંહ એમ ઠાકોર અને વીસીઈ મહેશભાઈ પ્રજાપતિ સહયોગી બન્યા હતા.